# બોરિસ જોન્સન દેશની સૌ પ્રથમ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની મુલાકાતે







ગાંધીનગર, તા.૨૧

યુ.કે.ના વડાપ્રધાનશ્રી બોરિસ જોન્સન આજે ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓએ આજે ગાંધીનગર સ્થિત દેશની સૌ પ્રથમ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. આ વેળાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સાયન્સ ટેકનોલોજી મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી પણ જોડાયા હતા.

બોરિસ જોન્સન યુનિવર્સિટી ખાતે પધાર્યા ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એમનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ યુનિવર્સિટીની વિવિધ સુવિધાઓનું શ્રી જોન્સને બારીકાઈથી નિરીક્ષણ કર્યુ ત્યારે મુખ્યમંત્રીશ્રીએ એમને વિસ્તૃત માહિતી આપી હતી.

બોરિસ જોન્સનની મુલાકાત બાદ મીડિયાને વિગતો આપતા સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ યુનિવર્સિટી સંશોધનો અને ટેક્નોલોજી ક્ષેત્રે ભારતનું હબ બનશે અને વૈશ્વિક નામના મેળવશે એ ભારત અને ગુજરાતનું ગૌરવ છે.

મંત્રીશ્રી વાઘાણીએ ઉમેર્યુ કે ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ સાથે કોલોબોરેશન કરવામાં આવ્યું છે જે રાજ્યની રિસર્ચ પ્રોફાઈલને મજબૂત કરશે અને એક ઈન્ટરનેશનલ કક્ષાના સ્ટાન્ડર્ડ રાજ્યમાં ઉપલબ્ધ થશે જે રાજ્યના યુવા વૈજ્ઞાનિકોને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરશે.

તેમણે ઉમેર્યુ કે બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં મોંઘા સાધનો અને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવા પુષ્કળ મૂડી રોકાણની જરૂરિયાત હોય છે ત્યારે ગુજરાત બાયો ટેકનોલોજી યુનિવર્સિટી પ્રોડક્ટ ડેવલપમેન્ટ માટે વિદ્યાર્થીઓને શરૂઆતથીજ વિશ્વકક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુરુ પાડશે. આ સુવિધાઓ એવા સંશોધકોને એક વિશ્વસ્તરનું પ્લેટફોર્મ આપશે.

તેમણે ઉમેર્યુ કે જીબીયુ ખાતે બાયોટેકનોલોજીની એનીમલ, મેડિકલ એન્વાયરનમેન્ટ. ઈન્ડસ્ટ્રીયલ અને પ્લાન્ટ બાયોટેકનોલોજી જેવી વિવિધ શાખાઓ ઉપલબ્ધ છે. જીબીયુના વધુ વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતા નાણા ફાળવીને આ યુનિવર્સિટી વધુ ને વધુ નામના પ્રાપ્ત કરી ભવિષ્યમાં સંશોધનો માટે વૈશ્વિક રીતે ગુજરાતનું નામ રોશન કરે તેવા પ્રયાસો રાજ્ય સરકાર હાથ ધરશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન, મુખ્ય સચિવશ્રી પંકજકુમાર, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરા, યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી સચિન ગુસીયા સહિત પ્રાધ્યાપકો, તજજ્ઞો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મનપાની સામાન્ય સભામાં ૧૭ દરખાસ્તો કોઈપણ ચર્ચા વિના બહાલ

**બેઠકમાં સભ્યોએ માત્ર સહમતિ જ આપવાની અપાયેલી સૂચનાનું કડક અમલીકરણ થયુ હતુ અને સભ્યો સભા પૂર્ણ થયાની જાહેરાત પછી ગણગણાટ કરતા વિખરાઈ ગયા હતા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં રજુ થયેલી ૧૭ દરખાસ્તોને ચર્ચા વિના બહાલી આપવામાં આવી હતી. એજન્ડામાં ૧૬ દરખાસ્તો દર્શાવવામાં આવી હતી પરંતુ સામાન્ય સભા શરૂ થતાં પૂર્વે પૂરવણી એજન્ડા જારી કરી કરાયેલ મહેકમની દરખાસ્ત પણ રજુ કરી અને મંજૂર કરવામાં આવી હતી.

મેયર હિતેષ મકવાણાના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં વિપક્ષે પણ ગજબનું મૌન જાળવ્યુ હતુ. વિપક્ષના ૩ સભ્યો છે જે પૈકી એક સભ્ય ગેરહાજર રહેતાં વિપક્ષના સભ્યો મૌન રહ્યા હતા. જો કે બેઠક પૂર્ણ થયા બાદ આપના તુષાર પરીખ મેયરને રજુઆત કરવા પહોંચ્યા હતા કે તેઓએ મહેકમની દરખાસ્ત સહિત એક બે દરખાસ્ત પર ચર્ચા માટે હાથ ઉંચો કર્યો હતો પરંતુ તેમને તક આપવામાં આવી ન હતી. મેયરે તેમની આ દલીલને નકારી કાઢી હતી.

બેઠકમાં આજે ત્રણ જેટલા સભ્યો ગેરહાજર રહ્યા હતા. મહેકમની દરખાસ્ત અંગે ભાજપના સિનીયર કાઉન્સીલર મહેન્દ્રભાઈ પટેલે મુદ્દા ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સ્થાયી સમિતિમાં જે દરખાસ્ત હતી તે જ છે તેમ કહી તેમને શાંત કરી દેવાયા હતા.

ભાજપના સભ્યો પૂરવણી એજન્ડામાં મહેકમની દરખાસ્તમાં શું છે તેની વિગતો તેમને જ ન મળી હોવાનો ગણગણાટ કરતા હતા પરંતુ કોઈ જ સભ્યએ તે વિશે ખુલીને બોલવાનો ઈન્કાર કરતા હતા.

બેઠકમાં સભ્યોએ માત્ર સહમતિ જ આપવાની અપાયેલી સૂચનાનું કડક અમલીકરણ થયુ હતુ અને સભ્યો સભા પૂર્ણ થયાની જાહેરાત પછી ગણગણાટ કરતા વિખરાઈ પણ ગયા હતા.

# મનપા દ્વારા ૨૪ જનસેવા કેન્દ્રો બનાવાશે

**મોટાભાગની કામગીરી જનસેવા કેન્દ્રો પરથી થશે : નાગરિકોની સુવિધા માટે સર્વાનુમતે નવું માળખું મંજુર કરવામાં આવ્યું**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા તા.૨૧-૪-૨૦૨૨ના રોજ યોજાયેલ બેઠકમાં સરકાર દ્વારા વર્ષ-૨૦૨૦માં મહાનગરપાલિકા વિસ્તારમાં જે કુલ ૧૮ ગ્રામ પંચાયતો અને પેથાપુર નગરપાલિકાનો સમાવેશ થતા ગાંધીનગર મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રમાં વધારો થયેલ છે. જે ધ્યાને રાખી જાહેર હીત તેમજ વહીવટી સરળતા ખાતર ગાંધીનગર મહાનગરપાલિકા માટે માળખાગત વ્યવસ્થા તથા મહેકમ વિષયક સમીક્ષા અહેવાલને મંજુરી આપવામાં આવેલ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના વિસ્તારમાં સમાવિષ્ટ તમામ ગામડાઓમાં નાગરિકોની સરળતા ખાતર જનસેવા કેન્દ્રો ઉભા કરવામાં આવશે. જનસેવા કેન્દ્રોમાં જન્મ-મરણ-લગ્ન નોંધણી, તમામ પ્રકારના વેરાની કામગીરી, જે તે ગામડાઓમાં સમાવિષ્ટ મુક્તિધામની કામગીરી, નાગરિકોની તમામ પ્રકારની અરજી સ્વીકારવાની તેમજ તેના નિકાલ અંગેની તમામ કામગીરી કરવામાં આવશે. આથી ગાંધીનગરના નાગરિકોને મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવવાની જરૂર રહેશે નહીં તેમજ તેઓના પ્રશ્નો તેમજ સમસ્યાઓનો નિકાલ તેઓના ઘર આંગણેથી થઈ શકશે જેથી નાગરિકોના સમય અને પૈસાનો વ્યય થતો અટકશે.

ગાંધીનગર મહાનગર પાલિકાના વિસ્તારમાં વધારો થયેલ હોય, હવેથી મહાનગરપાલિકાની કચેરીનો વહીવટ ૧ મુખ્ય કચેરી, કુલ ૩ ઝોનલ કચેરીઓ અને કુલ ૨૪ (ચોવીસ) જનસેવા કેન્દ્રો મારફતે કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની મુખ્ય કચેરી સેકટર-૧૭ ખાતે નવા બિલ્ડીંગમાં કાર્યરત થશે. મુખ્ય કચેરીની કામગીરી કુલ ૨૩ (તેવીસ) વિભાગોમાં તેમજ વિભાગોના તાબા હેઠળ શાખાઓમાં વહેંચણી કરવામાં આવેલ છે. જેમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી, તમામ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ તથા વિભાગોના વડા ફરજ બજાવશે.

ગાંધીનગર મહાનગર પાલિકા કચેરીની વહીવટી વ્યવસ્થાને કુલ ત્રણ ઝોનમાં (ઉત્તર ઝોન, મધ્ય ઝોન તેમજ દક્ષિણ ઝોન) વહેંચવામાં આવેલ છે. દરેક ઝોનલ કચેરીના વહીવટી વડા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર રહેશે. ઉત્તર ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં. ૧, ૨, ૩ અને ૭ નો રહેશે. મધ્ય ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં. ૪, ૫, ૬ નો રહેશે. દક્ષિણ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં. ૮, ૯, ૧૦ અને ૧૧નો રહેશે. દરેક ઝોનલ ઓફીસમાં જાહેર જનતાના પ્રશ્નો તેમજ ફરિયાદ માટે સેનિટેશન શાખા, ટેક્ષ શાખા, આરોગ્ય અને મેલેરિયા શાખા, જન્મ-મરણ-લગ્ન નોંધણી શાખા, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ શાખા, ઈજનેરી તથા અન્ય શાખા, રજીસ્ટ્રી શાખા કાર્યરત રહેશે.

ગાંધીનગર મહાનગર પાલિકાના વિસ્તારમાં બહોળો વધારાને ધ્યાને લઈ વહીવટી સરળતા ખાતર મહેકમમાં નવા કેડરોનો સમાવેશ કરવામાં આવેલ છે તથા જુના કેડરોની જગ્યાઓમાં પણ વધારો કરવામાં આવેલ છે. જેથી વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીની તમામ અધિકારી-કર્મચારીઓને

● અનુસંધાન પાન-૭ પર

## વહેલી ચૂંટણીની વાતો અને તેમાં આ મહેકમની દરખાસ્ત અટવાય નહિ તે પણ એટલુ જરૂરી : મકવાણા

**નીલગાયની સમસ્યા અંગે સંયુક્ત બેઠક યોજવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૧

વહેલી ચૂંટણીની શક્યતાઓ અને તેને લઈ ચાલી રહેલી વાતોને પગલે આજે બહુમતિ હોવા છતાંય પૂરવણી એજન્ડા દ્વારા મહેકમની દરખાસ્તને સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરવામાં આવી હોવાનો સ્વીકાર મેયર હિતેષ મકવાણાએ પત્રકારો સાથે બેઠક બાદ વાતચીતમાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે હાલ જે વાતો ચાલી રહી છે તે જોતાં કદાચ વહેલી ચૂંટણી આવી જાય અને અમારી આ દરખાસ્ત આચારસંહિતાને લઈ અટવાઈ જાય તો વિકાસ સહિતના કામો પર તેની અસર પડી શકે છે.

મકવાણાએ કહ્યુ હતુ કે ગાંધીનગર શહેરની હદ અને વિસ્તાર વધ્યો છે. કામનું ભારણ પણ વધ્યુ છે એની સામે અમારી પાસે કર્મયોગીઓ ખુબ જ ઓછા છે. વિકાસ એ અમારૂ લક્ષ્ય છે તેમજ તંત્ર લોકોભિમુખ બને લોકોને સેવાઓ ઝડપથી ઉપલબ્ધ થાય તે એટલુ જ જરૂરી છે.

બહુમતિ છે એ વાત સાચી છે. અમે સૌના હિતને ધ્યાને રાખ્યુ છે. બીજુ સ્થાયી સમિતિમાં તેને મંજૂર કરવામાં આવેલ છે તે પહેલાં સંકલન સમિતિમાં અને સભ્યો સાથે પણ જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. કોઈ કર્મચારીને અન્યાય નહિ થાય જેને લઈ અમને મળેલ રજુઆતો પછી જેમને બઢતી મળવા પાત્ર હતી તેમને બઢતી પણ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓને લઈ દંડ વધારવાની દરખાસ્ત સંદર્ભે પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેમણે સ્વીકાર્યુ હતુ કે નીલગાયની સમસ્યા મોટી છે. આ બાબત અમારા ધ્યાને છે જ અમે અધિકારીઓ સાથે આ માટે ચર્ચાઓ પણ કરી છે. તેમણે કહ્યુ હતુ કે આ મુદ્દે અમે એક સંયુક્ત બેઠક યોજવા પર વિચારણા કરી રહ્યા છે અને ટુંક જ સમયમાં આ બેઠક યોજવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓ પકડાય તો દંડની રકમ ડબલ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગર પાલિકાના

● અનુસંધાન પાન-૭ પર

### નવી પાર્કિંગ પોલીસી તૈયાર કરવામાં ૧ વર્ષનો સમય લાગશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરની નવી પાર્કિંગ પોલિસી માટે કન્સલટન્ટની નિયુક્તી અને પોલીસી તૈયાર કર્યા પછી તેને મંજૂર કરવાની કાર્યવાહીમાં ૧ વર્ષ જેટલો સમય લાગશે તેવા સંકેતો મનપાના સૂત્રોમાંથી મળ્યા છે.

મનપાની સામાન્ય સભામાં આજે પાર્કિંગ પોલિસી બનાવવા તેમજ તેનો ડ્રાફ્ટ કરવાની બાબતને લઈ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ પાર્કિંગ પોલીસી બે ભાગમાં હશે જેમાં જાહેર પાર્કિંગ તેમજ ખાનગી પાર્કિંગ તેના નિયમો હયાત પાર્કિંગનું અમલીકરણ, પાર્કિંગ ફી લેવી તો તેના દર, ઓન સ્ટ્રીટ અને ઓફ સ્ટ્રીટ પાર્કિંગ, રહેણાંક વિસ્તારોમાં પાર્કિંગ, પાર્કિંગ મેનેજસેન્ટ, પાર્કિંગની આવકનું સંચાલન સહિતના મુદ્દાઓને આ નીતિમાં આવરી લેવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જાહેર પાર્કિંગ કેટલા સ્થાનોએ ડેવલપ કરવા આ માટે જમીનની ઉપલબ્ધિ હાલ શહેરમાં વાહનોની સંખ્યા આગામી પાંચ વર્ષમાં શહેરમાં વાહનોની સંખ્યા તેમજ અમદાવાદ સહિત અન્ય વિસ્તારોમાંથી આવતા વાહનોનું ભારણ સહિતની બાબતોને પણ નીતિ તૈયાર કરવામાં ધ્યાને લેવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૧૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં ફરીથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે આજે કોરોનાના નવા ૧૯ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૨ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૧૭૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં કુલ ૮૨,૬૬૧ રસીના ડોઝ આજના દિવસમાં આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૯૮ એક્ટિવ કેસ છે. જે પૈકી એક પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તો બીજી તરફ અત્યાર સુધીમાં ૯૧૨૧૩૧૭૩ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦૯૪૩ નાગરિકોનાં મોત થઈ ચુક્યા છે. આજે કોરોનાને કારણે એક નાગરિકનું મોત થયું છે. નવા કુલ ૧૯ કેસ નોંધાયા છે.

## સરગાસણમાં ગુડા હવે એમ્યુઝમેન્ટ પાર્ક વિકસાવાની યોજના હાથ ધરશે

**હાઇકોર્ટના કેસનો નિકાલ આવતા ગુડાએ આ વિસ્તારમાં ૧૨ મીટર પહોળો રસ્તો પણ ખુલ્લો કર્યો**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે નવતર આયોજન કરાયુ છે. જયારે વિકાસ કામોને અનુલક્ષીને પણ અનેક પ્રોજેકટ તૈયાર કર્યા છે. જેમાં સરગાસણમાં એમ્યુઝમેન્ટ પાર્ક બનાવાની યોજના પણ તૈયાર કરાઇ છે. જો કે આ મામલે હાઇકોર્ટના કેસનો નિકાલ આવી જતા ગુડા દ્વારા ત્વરિત અસરથી ૧૨ મીટર પહોળો રસ્તો ખુલ્લો કરી દેવાયો છે જેના અંતે હવે પાર્ક વિકાસાવાની યોજના સંદર્ભે પણ ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વાર ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવા સહીત ગ્રીન સીટીના કન્સેપ્ટ સાથે અનેક આકર્ષણો પણ ઉભા કરવામાં આવી રહ્યા છે. સરગાસણ વિસ્તારમાં એમ્યુઝમેન્ટ પાર્ક બનાવાની કામગીરી પણ ટુંકમાં હાથ ધરવામાં આવશે. ગુડા દ્વારા સરગાસણમાં આ પાર્ક બનાવાનુ આયોજન કરાયુ છે. આનંદ પ્રમોદના સ્થળ તરીકે આ પાર્ક વિકસાવાની યોજના ન્યાયી પ્રક્રીયાના લીધે અટકી હતી. દરમિયાન ગજરાત હાઇકોર્ટમાં કેસનો નિકાલ આવી જતા હવે પાર્ક બનાવાની યોજના હાથ ધરવામાં આવશે. ગુડા દ્વારા આ વિસ્તારમાં ૧૨ મીટર પહોળા રસ્તાઓ પણ ખોલી દીધા છે. નગર રચના નં -૭ ના વિસ્તારમાં કબીર ફલેટથી સરગાસણ ગામ તરફ જતા ૧૨ મીટરના રસ્તાનુ અમલીકરણ પણ અટકયુ હતુ. અહીના રહેવાસીઓ દ્વારા આ રસ્તાના અમલીકરણ માટે હાઈકોર્ટમાંથી સ્ટે લીધો હતો. જયારે હાઈકોર્ટે આ કેસનો નિકાલ કરતા ગુડાએ ૧૨ મીટરના રસ્તાનો કબજો લઇ લીધો છે. જેના લીધે જાહેર જનતા તેમજ આસપાસના વિસ્તારમાં ગટર પાણીની માળખાગત સુવિધાના મામલે પડતી અગવડો પણ દુર કરી વધુ સુવિધા પુરી પાડવામાં આવશે. આ ઉપરાંત રસ્તા અમલીકરણના લીધે ગુડા એમ્યુઝમેન્ટ પાર્ક માટેની જગ્યાનો કબજો પણ મેળવી લેશે. જેના લીધે સરગાસણના રહીશો સહીત આસપાસના વિસ્તારના ભુલકાઓને પણ એમ્યુઝમેન્ટ પાર્કનો આનંદ મળશે. આ દરમિયાન ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર નગર રચના યોજના નં -૧૫ કોલવડા વિસ્તારમાં ૨૪ મીટર પહોળાઇ ધરાવતો આર્યુવેદિક કોલેજ તરફથી ૫ નંબરના માર્ગ સાથે જોડાયેલા રસ્તો પણ ખોલી દેવામાં આવ્યો છે. જયારે ૨૪ મીટરનો આ માર્ગ પુરતો

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઇ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com